स्वराज की शाला - शिशुविहार 75
स्थापना १९३९
२०२१-२०२२
स्वातंत्र्य - अमृत महोत्सव

# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૬ • ૧૫ મે ૨૦૨૩ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## આદરણીય મોરારિબાપુની અધ્યક્ષતામાં શિશુવિહારને 'દર્શક' ઍવૉર્ડ




ગુજરાતમાં નઈ તાલીમની ભૂમિકા સ્થાપિત કરનાર જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત પૂજ્ય મનુભાઈ પંચોળીની પુણ્ય સ્મૃતિમાં વર્ષ ૧૯૯૨થી પ્રારંભાયેલ 'દર્શક' શિક્ષણ ઍવોર્ડ ભાવનગરની શિશુવિહાર સંસ્થાને એનાયત થયો.

તારીખ ૨ મે, મંગળવારે સવારે ૧૦ કલાકે શિશુવિહાર પ્રાંગણમાં યોજાએલ સમારોહમાં ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી લાભશંકરભાઈ પુરોહિતને પણ 'દર્શક' સાહિત્ય ઍવોર્ડ અર્પણ થયો.

ભાવનગર જિલ્લાની અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓનાં અધિષ્ઠાતા અને પી.ડી. લાઈટના ચેરમેન શ્રી મધુકરભાઈ પારેખની વિશેષ ઉપસ્થિતિમાં યોજાએલ ગરિમાપૂર્ણ સમારોહમાં શિશુવિહાર સંસ્થાની બાળ કેળવણીને રૂ.૧ લાખનાં અનુદાન અને તામ્રપત્રથી અભિવાહિત કરવામાં આવેલ. ગુજરાતનાં પ્રખર કેળવણીકાર શ્રી મનસુખભાઈ સલ્લા, જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત શ્રી રઘુવીરભાઈ ચૌધરી, પ્રકાશ ન. શાહ,

શ્રી માનભાઈ ભટ્ટ • સ્થાપક : શિશુવિહાર

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧
Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736



પદ્મભૂષણ શ્રી કુમારપાળ દેસાઈ તેમજ અનેક ગુણીજનોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ સાહિત્ય, શિક્ષણ, ગ્રામ પુનરુત્થાન અભિવાદન દર્શક સમારોહમાં ભાવનગરની માનવ ઘડતર સંસ્થા શિશુવિહારનો સમાવેશ ગૌરવવંત બની રહ્યો. આ પ્રસંગે આશીર્વચન આપતા શ્રી મોરારિબાપુએ સન્માનિત શ્રી લાભશંકરદાદા અને શિશુવિહાર સંસ્થા એટલે વ્યવહારમાં કોમળ અને શિસ્તમાં કઠોર તત્વનો સુમેળ હોવાનો ભાવ વ્યક્ત કર્યો હતો.

શ્રી મોરારિબાપુએ રામચરિત માનસનાં ઉલ્લેખ સાથે બ્રહ્મની વ્યાખ્યા મુજબ સન્માનિત શ્રી લાભશંકરદાદા અને શિશુવિહાર સંસ્થા એટલે વ્યવહારમાં કોમળ અને શિસ્તમાં કઠોર તત્વનો સુમેળ થયાનો વિચાર આપતા જણાવ્યું કે, 'અહીં સેવારૂપી અને શબ્દરૂપી બ્રહ્મની સેવા કરનારનું સન્માન થઈ રહ્યુ છે, જે અનેકો માટે પથદર્શક બનશે.'



પૂજ્ય બાપુએ હળવી રીતે કહ્યું કે સન્માનમાં ગુણ અને અવગુણ બંનેના ઉલ્લેખ થાય તેવા ઉપક્રમો પણ યોજવા જોઈએ.

શ્રી મનુભાઈ પંચોળી દર્શક સ્થાપિત લોકભારતી તથા શ્રી માનભાઈ ભટ્ટ સ્થાપિત શિશુવિહાર સંસ્થાની પ્રવૃત્તિ અને શ્રી લાભશંક પુરોહિતની શબ્દ સાહિત્ય અને શાસ્ત્રની સેવાને વંદનીય





ગણાવી. વૃક્ષો અને વૃદ્ધો બંનેની સમાજમાં જરૂર છે, બંને જીવનને છાંયો આપે છે, તેમ જણાવી સત્ય, પ્રેમ અને કરુણાનો મહિમા જણાવ્યો. અધ્યક્ષ સ્થાનેથી રહેલા સમાજસેવી ઉદ્યોગપતિ શ્રી મધુકરભાઈ પારેખે આ પ્રસંગ માટે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

સન્માનિત શિશુવિહાર વતી શ્રી નાનકભાઈ ભટ્ટ અને શ્રી લાભશંકર પુરોહિત દ્વારા પ્રાસંગિક પ્રતિભાવમાં આનંદ વ્યક્ત કરાયો.

આ પ્રસંગે શિશુવિહાર વિશે પ્રા. ડૉ. શ્રી છાયાબહેન પારેખ તથા શ્રી લાભશંકર પુરોહિત વિશે પ્રા. ડૉ. શ્રી નીતિનભાઈ વડગામા દ્વારા પરિચય રજૂ કરવામાં આવેલ.

જાણીતા ચિંતક પત્રકાર શ્રી પ્રકાશ શાહે દર્શકને વિશ્વ સંદર્ભના માણસ ગણાવેલ અને શ્રી માનદાદાની પ્રવૃત્તિને બિરદાવી વંદના ભાવ વ્યક્ત કરેલ. કાર્યક્રમના પ્રારંભે આ સન્માન સંદર્ભે શ્રી મનસુખભાઈ સલ્લાએ સંસ્થાની પ્રવૃત્તિ સાથે ભૂમિકા રજૂ કરી. શ્રી દર્શક દ્વારા તેમની હયાતી દરમિયાન શરૂ થયેલી પ્રક્રિયા અને સાહિત્ય, શિક્ષણ અને ગ્રામપુનરોદ્ધાર માટેનાં આ સન્માનની વિગતો જણાવી હતી.

કાર્યક્રમનાં પ્રારંભે શ્રી સ્વાતિબહેન પાઠક દ્વારા ભજન ગાન રજૂ થયેલ. આભાર વિધિ શ્રી સંજય ચૌધરીએ કરેલ જ્યારે સંચાલનમાં શ્રી અજય રાવલ રહ્યા હતા.

શિશુવિહાર પરિસરમાં યોજાયેલ ગરિમાપૂર્ણ સન્માન સમારોહમાં ઉપસ્થિત લોકભારતી અને શિશુવિહાર પરિવારનાં સ્વજનોએ સહભોજનનો આનંદ લીધો હતો.





## શિશુવિહારમાં પ્રારંભાયેલ પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ-૨૦૨૩

બાળકેળવણીકારો અને બાળ મનોવૈજ્ઞાનિકો એવું કહે છે કે વ્યક્તિનાં જીવન વિકાસનો અતિ મહત્વનો તબક્કો ૦ થી ૫ વર્ષ સુધીનો છે. વ્યક્તિ પોતાની સમગ્ર જિંદગીમાં જે શીખે છે, તેમાનું ૮૦% શિક્ષણ આ સમયગાળામાં મેળવે છે. બાળકોના ઈન્દ્રિય શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટેના આ ઉત્તમ સમયમાં બાળકેળવણીનાં પાયાનાં કાર્યને અમલી બનાવવાં ગુજરાત રાજ્યનાં સંકલિત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. ભાવનગર શહેરમાં આવેલી ૩૧૬ આંગણવાડીઓને સાધનોથી સજ્જ કરવા તથા તેના કાર્યકર બહેનોને પ્રશિક્ષિત કરવાં માટેનું આગવું અભિયાન શિશુવિહાર સંસ્થાએ વર્ષ ૨૦૧૨થી શરૂ કરેલ છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકેળવણી આનુષંગિક સાધનો, રમકડાં, સાહિત્ય વગેરે આપવાંની સાથે તેના યોગ્ય ઉપયોગ માટે આંગણવાડીનાં બહેનોને પ્રશિક્ષિત કરવા માટે તજજ્ઞો અને નિષ્ણાતો દ્વારા તાલીમ કાર્યશાળાઓ પણ યોજવામાં આવે છે, અને સમયાંતરે તેનાં પ્રતિભાવો પણ મેળવવામાં આવે છે.

સંસ્થા દ્વારા ગત ૧૧ વર્ષ દરમિયાન બાળકોને આસપાસની દુનિયાનો પરિચય થાય તે માટે પ્રાણીઓ, વનસ્પતિ, ફળો, શાકભાજી, અંક, શબ્દ વગેરેના શૈક્ષણિક ચાર્ટસ, પપ્પેટસ અને તેનાં ઉપયોગ માટે બાળ-વાર્તાઓ અને બાળગીતોની પુસ્તિકાઓ તેમજ સીડી, ફર્સ્ટએઈડ બૉક્સ, સંગીતના સાધનો (ઢોલક, ખંજરી અને મંજીરા) ઈત્યાદી શહેરની ૩૧૬ આંગણવાડીને આપવામાં આવેલ છે.

ઉપરાંત ભાદ્રપદ માસમાં પિતૃશ્રાદ્ધ-તર્પણની પરંપરાનો અનેરો મહિમા છે, ત્યારે પિતૃઓની સ્મૃતિમાં પૂજા પાઠના સ્થાને આંગણવાડીઓમાં આવતા બાલદેવોની વંદના કરી, બાલઘરોને સજ્જ કરવાની શિશુવિહારની વિનંતી દાતાઓને સ્પર્શી ગઈ અને શ્રાદ્ધ પક્ષની અમાસ પ્રસંગે કુટુંબીજનોની સ્મૃતિમાં યોજાતા સેવાયજ્ઞમાં સહયોગી બને છે. આંગણવાડીને સાધનો આપવાના કાર્યક્રમો સાથે બાળકોને જમાડવામાં આવે છે. તેમને વોટરબેગ, લંચબોક્સ પ્રકારે સાધનો ભેટ આપવામાં આવે છે.

શ્રી મોંઘીબહેન બધેકા શિશુવિહાર બાલમંદિરમાં પોતાની વયનાં ૯૬ વર્ષ સુધી નિષ્ઠાભરી બાળ સેવા કરનાર સ્વાતંત્ર્યસેનાની પૂજ્ય પ્રેમશંકરભાઈ ભટ્ટની સ્મૃતિમાં યોજાતા પૂર્વ પ્રાથમિક સંવર્ધન કાર્યક્રમ સાથે

વિસ્તરતાં શૈક્ષણિક સહાય કાર્યક્રમને સઘન બનાવી વર્ષ ૨૦૨૩થી શિશુવિહાર બાલમંદિરનાં શિક્ષકોએ શહેરની આંગણવાડીનાં ૬૦૦૦ બાળકોને જીવન શિક્ષણ સાથે જોડી એક અદ્દભૂત પ્રયોગ પ્રારંભ્યો છે, જે નોંધનીય બને છે. કોઈપણ જાતની સરકારી સહાય વિના માત્ર લોક-સહયોગથી યોજાતી ગરીબ બાળકો માટેનાં જીવનશિક્ષણ હેતુ સહકાર આપનાર નિલેશભાઈ સૂચક તથા જાગૃતભાઈ ભટ્ટ પરિવારનો સંસ્થા આભાર માને છે.

## આંગણવાડીનાં બાળકોની તાલીમનું સમયપત્રક



સવારે ૯:૩૦ થી ૯:૪૫
આગમન અને પોષક નાસ્તો



સવારે ૯:૪૫ થી ૧૦:૧૦
જોડકણાં



સવારે ૧૦:૧૦ થી ૧૦:૩૦
અભિનય ગીત



સવારે ૧૦:૩૦ થી ૧૧:૦૦
સર્જનાત્મકશકિત વિકાસ(રંગપૂરણી)



સવારે ૧૧:૦૦ થી ૧૧:૨૫
જીવનઉપયોગી તાલીમ(મોતીની માળા)



સવારે ૧૧:૨૦ થી ૧૨:૦૦
સહજીવનમૂલક મેદાની રમત



## તારીખ ૩ થી ૨૮ એપ્રિલ દરમિયાન પધારેલ મહાનુભાવો

| તાલીમ તારીખ | વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા | આમંત્રિત મહેમાનશ્રી |
|---|---|---|---|---|
| ૩ | આખલોલ જકાતનાકા | ૧, ૩ | ૩૯ | શ્રી જાગૃતભાઈ ભટ્ટ |
| ૫ | આખલોલ જકાતનાકા | ૭, ૯ | ૩૨ | શ્રી રાજેન્દ્રભાઈ દવે |
| ૬ | આખલોલ જકાતનાકા | ૪,૫,૧૧ | ૩૮ | ડૉ. નાનકભાઈ ભટ્ટ |
| ૭ | આખલોલ જકાતનાકા | ૨,૬,૧૦ | ૪૨ | શ્રી પરેશભાઈ ત્રિવેદી |
| ૧૦ | આનંદનગર | ૩૭, ૫૧ | ૩૮ | શ્રી ઈન્દાબહેન ભટ્ટ |
| ૧૨ | આનંદનગર | ૩૫, ૫૪ | ૪૦ | શ્રી નલિનભાઈ પંડિત |
| ૧૩ | આનંદનગર | ૪૦, ૫૭ | ૪૦ | શ્રી સેજલબહેન પંડયા |
| ૧૪ | આનંદનગર-ભીલવાડા | ૪૭, ૧૧૫ | ૩૬ | શ્રી ધર્મેશભાઈ અંતાણી, શ્રી ઈવાન ઓલિંગે |
| ૧૭ | આનંદનગર | ૩૨, ૫૮ | ૪૦ | ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી |
| ૧૯ | આનંદનગર | ૪૨, ૫૩ | ૪૧ | શ્રી નરેશભાઈ ભટ્ટ |
| ૨૦ | આનંદનગર | ૫૯, ૧૭૧ | ૪૨ | શ્રી સુરેશભાઈ ભટ્ટ |
| ૨૧ | આનંદનગર-ભીલવાડા | ૭૩, ૬૩ | ૧૯ | શ્રી પરેશભાઈ પાઠક |
| ૨૨ | મોંઘીબહેન બધેકા બાલમંદિર | શિશુવિહાર | ૨૪ | શ્રી શીલાબહેન ઘોઘારી |
| ૨૪ | આનંદનગર | ૨૦, ૫૨ | ૩૦ | ડૉ. છાયાબહેન પારેખ |
| ૨૬ | આનંદનગર | ૩૪, ૩૮ | ૩૪ | શ્રી તૃપ્તિબહેન શ્રીધરાણી |
| ૨૭ | આનંદનગર-કરચલિયાપરા | ૬૦, ૪૪ | ૩૫ | ડૉ. નેહલભાઈ ત્રિવેદી |
| ૨૮ | આનંદનગર-કરચલિયાપરા | ૪૮, ૪૯ | ૩૭ | ડૉ. પી.પી. ભટ્ટ |
| ૧૭ દિવસ | | કુલ ૩૫ આંગણવાડી | ૬૦૭ બાળકો | |

## ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રી દ્વારા શિશુવિહારનું અભિવાદન



વાઘ-બકરી ફાઉન્ડેશન તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં સંકલનથી શિશુવિહારમાં ચાલતા વડીલોની સંભાળ માટેના તાલીમ કાર્યક્રમ, બાળ ઉછેર માટે શિક્ષક તાલીમ વર્ગ તથા સીવણ તાલીમ વર્ગ પ્રવૃત્તિનાં આવકારરૂપે તારીખ ૧૪ એપ્રિલે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ પ્રસંગે યુનિવર્સિટી, અમદાવાદ ખાતે શિશુવિહાર સંસ્થાની સ્કિલ તાલીમનું અભિવાદન થયું. ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી આર્ય દેવવ્રત, યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સલર શ્રી અમીબહેન ઉપાધ્યાયનાં વરદ હસ્તે એનાયત થયેલ સન્માનને શિશુવિહારના કાર્યકર હીનાબહેન ભટ્ટ તથા પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદીએ સ્વીકાર્યું હતું.

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:

એપ્રિલ માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૭૦ રહી હતી. માસ દરમિયાન બાળકોને ક્રીડાંગણ અને મનોરંજન કાર્યક્રમની પ્રેક્ટિસ કરાવવામાં આવી. આ માસમાં વિવિધ ફળનું પ્રદર્શન યોજવામાં આવેલ.

શ્રી માલાબહેન ચોકસી, શ્રી કમલાબહેન બોરીચા અને ચિ.પ્રિયાંશી દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૮ દાતાઓ દ્વારા પોષક નાસ્તો આપવામાં આવેલ. એપ્રિલ માસ દરમિયાન પ્રાત:પ્રાર્થના સમયે ૧૨ બાળકો તથા શિક્ષિકા શ્રી કમલાબહેન બોરીચાનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ.



તારીખ ૨૧ એપ્રિલે જાગૃત વાલી કાર્યક્રમ અંતર્ગત ડૉ. નેહલભાઈ ત્રિવેદીએ વાલીઓને બાળ કેળવણી અને બાલમંદિર વિશે માહિતી આપેલ. આ પ્રસંગે ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ તેમજ બાળકોને મલ્ટી વિટામીન આપવામાં આવેલ. આ





ઉપક્રમે સત્રાંત સમાપન કરેલ સાથે બાલમંદિરનાં શિક્ષિકા બહેનોએ ૬૦ બાળકોને વાલીઓની ઉપસ્થિતિમાં પ્રગતિપત્રક આપ્યા અને શિક્ષકોએ મા-બાપને તેમના બાળકની પ્રગતિ-શોખ, આદતથી વાકેફ કર્યા હતા.

શિશુવિહાર સંસ્થા દ્વારા શ્રમિક પરિવારોનાં બાળકોની કેળવણી માટે ૧૯૫૨ સ્થાપિત શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરનો ૭૦મો વાર્ષિકોત્સવ તારીખ ૨૯ એપ્રિલે યોજાઈ ગયો. ગુજરાતનાં જાણીતા બાળ સાહિત્યકાર કવિ શ્રી કૃષ્ણ દવેના અધ્યક્ષ સ્થાને યોજાએલ રંગારંગ કાર્યક્રમમાં





બાલમંદિરનાં બાળકોએ અભિનય ગાન, કૂચ ગીત અને વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓનું નિદર્શન કર્યુ હતું. વર્ષ દરમિયાનની ૧૨ જાગૃત વાલીસભામાં હાજર રહેવા સાથે પોતાનાં બાળકના વિકાસમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર મા-બાપને પ્રોત્સાહિત કરાયા હતા. સર્વ શ્રી નલિનભાઈ પંડિત,





ડૉ.ટી.એસ. જોષીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં મા-બાપની ભૂમિકા અને સ્વસ્થ સમાજ રચનામાં વડીલોની વાત કરતા કવિ શ્રી કૃષ્ણ દવેએ ગીતો અને વાર્તા થકી મહત્વપૂર્ણ સંદેશ રજૂ કર્યો હતો. શિશુવિહાર સંસ્થાનાં પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવેએ કવિશ્રીનું વિશેષ અભિવાદન કર્યું હતું.

શિશુવિહાર સંચાલિત શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે ભાર વિનાની જીવન મુલક કેળવણીનાં ઉત્સવમાં ૧૮૦થી વધુ નાગરિકો જોડાયા હતા. કાર્યક્રમનું સંકલન બાલમંદિરનાં આચાર્યા શ્રી અંકિતાબહેન ભટ્ટે કર્યું હતું.

સંચાલક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ

## બુધસભા યોજીત કાવ્ય રચના શિબિર




ગુજરાતી ભાષાનાં વરિષ્ઠ કવિ શ્રી કૃષ્ણ દવેના માર્ગદર્શન સાથે તારીખ ૨૯ સવારે ૧૦થી સાંજના ૪:૩૦ સુધી કાવ્ય રચના શિબિરનું આયોજન થયું.

બદલાતા સમયમાં ગુજરાતી પરિવારોમાં બાળકોનાં સંસ્કાર સભર ઉછેર માટે અનિવાર્ય બાળ સાહિત્યનાં વિકાસ માટે કાર્યરત કવિ શ્રી કૃષ્ણ દવે દ્વારા નવા સર્જકો તૈયાર કરવાના અભિયાન સાથે શિશુવિહાર બુધસભાનાં સર્જકો માટે યોજેલ વિશેષ તાલીમમાં બુધસભાનાં સંચાલક શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીએ કવિશ્રીને આવકાર આપી સ્વાગત કર્યું હતું. સવારે ૧૦:૩૦ થી ૧:૩૦ના પ્રથમ સત્ર દરમિયાન કવિ શ્રી કૃષ્ણ દવેએ પોતાની કવિતા જીવની વ્યક્ત કરતા સર્જનની પૂર્વ ક્ષણોથી ભાવકોને ભીંજવ્યા હતા.

'જે ભાષામાં વ્હાલ કરીને મા હાલરડું ગાતી, ધન્ય માતૃભાષા એ મારી ધન્ય ગુજરાતી' દ્વારા કાવ્ય રચના અને લય વિષયે રચનાકારોને માર્ગદર્શન આપ્યું હતું.





ભોજન બાદ બપોરે ૨ થી ૪:૩૦ સુધીના સત્રમાં પોતાની અતિ પ્રખ્યાત અને પ્રિય રચના 'વાસળી ડોટ કોમ'ના સહારે બાળકાવ્યમાં સુખદ અંત, બાળ સમજમાં શબ્દાવલીની વાત મૂકી ૫-૫ ના જૂથમાં બાળકાવ્ય રચનાનો પ્રયોગ અને ત્યારબાદ મૂલ્યાંકન સાથે પ્રશ્નોતરી રહી હતી.

બાળ સાહિત્ય સર્જન માટેની સજ્જતા વિષયે યોજાયેલ શિબિરમાં ૩૫ કવિ-કવયિત્રીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે શિશુવિહાર બુધસભા તરફથી સાહિત્ય અને કવિતા રચના માર્ગદર્શક પુસ્તકો આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી દીપાબહેન જોષીએ કર્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• ભાવનગરનાં જાણીતા કલા સ્નેહી શ્રી કિરીટભાઈ તન્નાના સંકલન સાથે 'મધુર સ્વર સંગીત સંધ્યા' કાર્યક્રમ બીજી એપ્રિલે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. જૂનાં હિન્દી ફિલ્મોનાં ગીતોનાં ૨૦મા કાર્યક્રમને માણવા માટે ૨૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.



• મીઠાના રણમાં કાર્યરત અગરિયાઓના બાળકો માટે નિવાસી શાળાઓ સ્થાપી છેવાડાના માણસોની કાળજી લેતી કાશીબા ગોટી ચે. ટ્રસ્ટ, સુરતનો શાળા સંકુલ સમારોહ તારીખ ૨ એપ્રિલે સુરેન્દ્રનગરમાં યોજાઈ ગયો. આ પ્રસંગે શિશુવિહારની બાળવિકાસની પ્રવૃત્તિઓનાં અનુભવોને મૂકવા ડૉ.નાનકભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રમિક બાળકોનાં ઘડતરમાં તાલીમનું મહત્વ ઉજાગર કર્યું હતું.

• શ્રી પુનિતભાઈ અંધારિયાના સંચાલન સાથે 'સ્વર સાધના' ગ્રુપનો ૫૬મો ફિલ્મી ગીત કાર્યક્રમ ૯ એપ્રિલે યોજાઈ ગયો. ૩૦૦થી વધુ શ્રોતાઓની ઉત્સાહક દાદ વચ્ચે યોજાએલ સંગીત સંધ્યા યાદગાર બની રહી હતી.





• માણેકવાડી મહિલા મંડળ દ્વારા નવદુર્ગા ગરબાવલી દ્વિતીય આવૃત્તિનું પુસ્તક વિમોચન શ્રીમતી મંજરીબહેન બકુલભાઈ ચાતુર્વેદીનાં સંયોજનથી યોજાયું. શહેરના મેયર શ્રીમતી કીર્તિબહેન દાણીધારિયાનાં વરદહસ્તે થયેલ, વિમોચન પ્રસંગે ધારાસભ્યશ્રી સેજલબહેન પંડયા, ઈન્દિરાબહેન ભટ્ટ, ડૉ. નાનકભાઈ ભટ્ટ, શ્રીમતી નિર્મોહીબહેન ભટ્ટ, શ્રી રાજીવભાઈ પંડયા, વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાનાં સહકારથી માણેકવાડી અખાડાની પ્રવૃત્તિઓને પુનઃ સક્રિય કરવાની વાત પણ અગ્રસ્થાને રહી હતી.



• દુર્ગોત્સવ ચેરિટેબલ ટ્રસ્ટનાં ઉપક્રમે ૧૫ એપ્રિલે વાર્ષિકોત્સવ યોજાઈ ગયો. બંગાળી નવા વર્ષ પ્રસંગે સતત બીજા વર્ષે શિશુવિહાર પ્રાંગણમાં યોજાતા સ્નેહમિલન કાર્યક્રમમાં ૧૫૦થી વધુ પરિવારજનોએ સાંસ્કૃતિક પ્રસ્તુતિ બાદ સહભોજનનો આનંદ લીધો હતો.



• ભાવનગરનાં જાણીતા કલાવૃંદ 'સપ્તસૂરી' સંધ્યાનાં ઉપક્રમે ૬૯મો સંગીત કાર્યક્રમ તા.૧૬ એપ્રિલે સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુતિ પામ્યો. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલન તળે યોજાયેલ જૂનાં હિન્દી ફિલ્મી ગીતોને માણવા ૩૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.






• GS TV ગુજરાતી ચેનલનાં પ્રાઈમ ટાઈમ પ્રોગ્રામ અંતર્ગત તારીખ ૧૮ એપ્રિલે માતૃભાષા ગૌરવ વિષયક એક ગોષ્ઠી યોજાઈ. પેનલ એક્સપર્ટ તરીકે ડૉ. નાનકભાઈએ શિશુવિહારની અવૈધિક તાલીમનાં અનુભવો રજૂ કર્યા હતા. ગુજરાતી ટીવી ચેનલના લાખો દર્શકો સુધી માતૃભાષાનાં મૂલ્યની વૈજ્ઞાનિકતા દર્શાવતા શ્રી નાનકભાઈએ જણાવ્યું કે, ''ગુજરાતી, અંગ્રેજી, હિન્દી તેમ ભાષાનું બાહ્ય સ્વરૂપ માણસના કાન સુધી જ હોય છે અને માનવ મસ્તિષ્કમાં જતા ધ્વનિ તેને ચિત્રમાં રૂપાંતરિત કરતું હોવાથી માણસના મસ્તિષ્કના ન્યુરોન્સને ચિત્રો તૈયાર કરવામાં જે રીતે સરળતા રહે તે રીતે જ્ઞાનની આપ-લે વિકસાવવાનું અગત્યનું બને છે.''




• નટરાજ કલા સંસ્થાનાં ઉપક્રમે ૨૩ એપ્રિલે જૂનાં હિન્દી ફિલ્મોનાં ગીતોનો સ્વરમય કાર્યક્રમ રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી પિંકીબહેન આવસત્થી દ્વારા સંકલન પામેલ અને કેતન આવસત્થીની પરિકલ્પના આધારિત ૧૪૫મા કાર્યક્રમને માણવા માટે ૪૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.છે.

## ‘સત્કર્મ સન્માન સમિતિ’નાં ઉપક્રમે અભિવાદન



• ભાવનગરનાં પ્રબુદ્ધ નાગરિક જીવનને સમાજ ઉપયોગી રાખતી શહેરની ૭ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ૯ સેવાના ભેખધારી નાગરિકોનું સન્માન યોજાઈ ગયું.

મુંબઈ સ્થિત માનવજ્યોત સંસ્થાનાં પ્રમુખ શ્રી કુલિનભાઈ લુઠિયાના અધ્યક્ષ સ્થાને ગુજરાતના જાણીતા કવિ શ્રી કૃષ્ણ દવેની વિશેષ ઉપસ્થિતિમાં શિશુવિહાર પ્રાંગણમાં તારીખ ૨૯ શનિવાર સાંજે ૫:૩૦ કલાકે યોજાએલ સમારોહમાં ભાવનગર સ્થિત ગોળીબાર હનુમાન અન્નક્ષેત્ર, ગુરુદ્વારા, નારાયણ સેવા ટ્રસ્ટ, હૉસ્પિટલમાં અન્નક્ષેત્ર ચલાવતી સદ્‌વિચાર તથા રોબિનહુડ સંસ્થાનું પ્રમાણપત્ર અને સાહિત્ય સંપુટથી અભિવાદન થયું. સવિશેષ ભાવનગરની નિષ્કામ ભાવથી સેવા કરતા પર્યાવરણ પ્રચારક શ્રી કિશોર ભટ્ટ, લોક શિક્ષક મેહુલ હરસોરા, ડૉ. ઓમ ત્રિવેદી તેમજ તબીબ ડૉ. તેજસ દોશી સાથે **શહેરના ૧ લાખ ૭૫ હજાર ઘરોમાં કાપડની થેલી પહોંચાડનાર શિશુવિહાર સંસ્થાનાં કાર્યકર શ્રી દક્ષાબહેન ગોહેલ** સાથે શહેરનાં ઘર-ઘરમાં શાંતિ પ્રાર્થના ગુંજતી રાખનાર જયરાજસિંહભાઈનું વિશેષ અભિવાદન મંચસ્થ મહાનુભાવોના વરદ્‌ હસ્તે થયું.

ભાવનગરની ઓળખ સમાન સેવા સુવાસના વિસ્તાર અને કાર્ય માટે પ્રવૃત્ત ડૉ. નલિનભાઈ પંડિત અને પરેશભાઈ ત્રિવેદી પ્રેરિત સતત ચોથા વર્ષે યોજાતા કાર્યક્રમમાં શહેરના ૨૦૦થી વધુ નાગરિકો વરસાદી માહોલ છતાં પણ ઉપસ્થિત રહ્યા હતા.





• શ્રી પ્રમોદભાઈ વોરાના સંનિષ્ઠ પ્રયત્નથી તારીખ ૩૦ એપ્રિલે ૨૫ જરૂરિયાતમંદ શ્રમિકો અને વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. મુંબઈ સ્થિત માનવજ્યોતના અધ્યક્ષ શ્રી કુલિનકાંતભાઈ તેમજ મૂળરાજભાઈની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ સદ્‌કાર્યને માણવા ૪૮ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• સૂર સંગીત ભાવેણા ગ્રુપનો હિન્દી ફિલ્મોનાં ગીતોનો મધુર કાર્યક્રમ ૩૦ એપ્રિલે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી કાદરભાઈ શેખ આયોજિત કાર્યક્રમને વરસાદી માહોલ છતાં પણ ૩૦૦થી વધુ શ્રોતાઓએ માણ્યો હતો.




## આરોગ્ય

### ૪૬૦ તથા ૪૬૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:





શિશુવિહાર સંસ્થામાં શ્રી વડીલોની સ્મૃતિમાં શ્રી ભાવનાબહેન જાગૃતભાઈ ભટ્ટનાં સૌજન્યથી ૪૬૦મો નેત્રયજ્ઞ તેમજ સ્વ. ચંદ્રશંકરભાઈ મહેતાની સ્મૃતિમાં શ્રી માલવિકાબહેન સુરેશભાઈ મહેતાના સૌજન્યથી ૪૬૧મો નેત્રયજ્ઞ તારીખ ૨૮ એપ્રિલે યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૮૮ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રી પી.પી. ભટ્ટ સાહેબની ટીમ દ્વારા કરવામાં




આવી. લાભાન્વિત દર્દીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૧૮ દર્દીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

પારેખ ફાઉન્ડેશન તરફથી શિશુવિહાર સંસ્થાને મળેલ AC બસમાં વિરનગર (રાજકોટ)થી આઈ સર્જરી પેશન્ટને ભાવનગર પરત લાવવામાં આવ્યા હતા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

એપ્રિલ માસ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૫૦ રહી હતી. માસ દરમિયાન બેઈઝ બોલ, સર્કલ બોલ તેમજ લંગડી જેવી સામૂહિક રમતો રમાડવામાં આવી હતી.

સાંય પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા. તેમજ ક્રીડાંગણ તાલીમાર્થી વૈભવભાઈનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયો હતો.

સંસ્થાનાં કાર્યકર શ્રી મીનાબહેન મકવાણા અને શ્રી અજયભાઈ વાઘેલાના જન્મદિવસ નિમિત્તે તેમજ સંસ્થાના મંત્રી શ્રી ડૉ. નાનકભાઈ ભટ્ટ તરફથી શેરડીનો રસ અને હિનાબહેન તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ.



સ્ક)ઉટ વિદ્યાર્થીઓ માટેની કમ્પ્યૂટર બેઝિક તાલીમ એપ્રિલ માસમાં પૂર્ણ થઈ. ત્રણ માસની તાલીમમાં ૧૨ વિદ્યાર્થીઓને શ્રી રીનાબહેન



પરમાર દ્વારા બાળકોને વર્ડ પેડ, નોટ પેડ, એક્સેલ તેમજ પાવરપોઈન્ટ વિશે તાલીમ આપેલ. શ્રી કાળીદાસ વળિયા પરિવાર સ્થાપિત કમ્પ્યૂટર તાલીમની વૅકેશન બેચમાં ૧૮ તાલીમાર્થીઓ જોડાયા છે.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

### વયસ્કો માટે ૩૩૯મી દૃષ્ટિચકાસણી શિબિર:




શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી એપ્રિલ માસમાં ૩ શનિવારે દૃષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી કમલેશભાઈ વેગડ દ્વારા Auto Refractometer દ્વારા ૬૦ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

### ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:



શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. જાહ્નવીબહેન તેજાણીનાં કન્સલ્ટેશન હેઠળ એપ્રિલ માસમાં ૨૮૧ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૩ ભાઈઓ આવ્યા હતા.

સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:



એપ્રિલ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપેથીની સારવારનો લાભ ૫૬૨ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૮૮૦ નાગરિકોએ લીધેલો.

સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા

### જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરનાં સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરનાં પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીનાં વિદ્યાર્થીઓ માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૪૭ ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ સંસ્થા થકી આ સેવાભાવી યુવકો વંચિતો માટે શિક્ષણ ઉપલબ્ધ કરાવી રહ્યા છે, જે નોંધનીય બને છે.

## સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

એપ્રિલ માસમાં ૪૦ વાચક સભ્યોએ ૧૨૦ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

'દિલ્હીમાં ગાંધીજી', 'બાપુ મારી મા' (શ્રી પંકજભાઈ ઠક્કર), 'કલાયામ કલેશ્વરી' (શ્રી રમણિકભાઈ ઝાપડિયા), 'ટહુકો' (ડૉ. સતિષભાઈ જાની) 'ધીરુભાઈ તમે અને તમારું નિરોગી બાળક' અન્ય ૯ પુસ્તકો (શ્રી ભાવિનભાઈ મકવાણા), 'સૂરજમુખી' તથા અન્ય ૧૯ પુસ્તકો (ડૉ. પ્રવીણભાઈ ઠક્કર), 'સૂરજમુખી' તથા અન્ય ૧૫ પુસ્તકો (શ્રી ભરતભાઈ ભગત)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી

### બાલદેવ વન:

એપ્રિલ માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍકસેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૨૬૫ બાળકો પોતાનાં વાલી સાથે રમવા આવ્યાં હતાં. શ્રી પતંગા કીડસ પ્રિસ્કૂલનાં ૧૫ અને મહદી સ્કૂલના ૨૫૦ તેમ કુલ ૨૬૫ બાળકોએ મુક્ત-મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી 'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ



### તાલીમઃ

પ્રા. ડૉ.નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ એપ્રિલે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

### માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. એપ્રિલ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૭ દર્દીઓએ લાભ લીધો હતો.

શ્રી મીરાંબહેન ત્રિવેદી તરફથી વોકર ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

સંચાલક: શ્રી અનિલભાઈ જોષી

### કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક તેમજ સી.સી.સી કોર્સમાં ૧૨ તાલીમાર્થી શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલક: શ્રી રીનાબહેન ગોહિલ

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:



બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે. એપ્રિલ માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૬૭ થી ૧૭૧ અંતર્ગત વિદ્યાર્થીઓને કાર્ડમાંથી લેમ્પ શેડ, ફેન્સી બટન ટાંકવા, કોરોગેટેડ પેપરમાંથી ટ્રે, ફેન્સી હેન્ડ બેન્ડ, નળનું વાઈસર બદલવવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૨૪૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## સંગીત વર્ગ:
એપ્રિલ માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક :શ્રી હેવુભાઈ મહેતા

# મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:
એપ્રિલ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૯ રહી હતી. તારીખ ૭ એપ્રિલે નંદકુંવરબા મહિલા કૉલેજનાં ફેશન ડિઝાઈનિંગના પ્રિન્સીપાલ શ્રી શ્રદ્ધાબહેન મકવાણાએ માર્ગદર્શન આપેલ.






તા. ૧૦ એપ્રિલે સીવણની તાલીમાર્થી બહેનોએ નંદકુંવરબા કૉલેજ ખાતે વર્કશોપમાં બાંધણી વર્ક, ફેબ્રિક પેઈન્ટિંગ ચોકલેટ બૂકેની તાલીમ લીધી હતી. તા. ૨૭ એપ્રિલે સીવણ તાલીમાર્થીઓ માટે રમત ગમત તથા સમૂહભોજન યોજવામાં આવેલ. સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

## દિવ્યજીવન:
શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. એપ્રિલ માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

– શ્રી ઈન્દ્રાબહેન ભટ્ટ

## મનોરંજન:
બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. એપ્રિલ માસ દરમિયાન ૩ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ





## સ્વ-રોજગાર:
સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૪ શ્રમિક બહેનો દ્વારા એપ્રિલ માસમાં કાપડની ૭૫૯ થેલી તૈયાર થતાં રૂ.૩૦૩૬/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૮૧,૬૮૬ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## બુધસભા:



વર્ષ ૧૯૮૦થી અવિરત ચાલતી બુધસભામાં ૨૨૨૯મી બેઠક બુધવારે શ્રી માનસીબહેનનું સંચાલન રહ્યું હતું. સ્વ-રચના પઠન વિષય ઉપર ચર્ચાઓ અને કાવ્ય પઠન થયેલ. કવિ-કવયિત્રીઓએ પોતાની કવિતાઓ રજૂ કરી હતી. ડૉ. પથિક પરમારે શ્રી મધુકાંતભાઈના કાવ્યોનો આસ્વાદ કરાવ્યો હતો. બેઠકમાં ૨૬ કવિ-કવયિત્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. માસના બીજા બુધવારે અવસર અભિવ્યક્તિ અંતર્ગત ડૉ. આંબેડકર જયંતિ તેમજ ભાવનગરના જન્મદિવસ નિમિત્તે ૪૦ કવિ-કવયિત્રીઓની હાજરીમાં પોતાની રચનાઓ રજૂ કરી હતી.

માસના ત્રીજા બુધવારે શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનાં સંચાલનમાં કવિ વિશેષ વક્તવ્ય અંતર્ગત શ્રી પ્રવીણભાઈ સરવૈયા દ્વારા જાણીતા કવિ શ્રી અશોકભાઈ ચાવડા ‘બેદિલ’ના કાવ્યો વિશે રસપ્રદ વાતો થઈ હતી. આ પ્રસંગે બુધસભાનાં વરિષ્ઠ દિવંગત કવિ નિર્ભયભાઈને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કવિ ડૉ. નટુભાઈએ પણ સ્વરચિત ગઝલ દ્વારા અંજલિ અર્પણ કરી હતી. ૪૫ જેટલા કવિ-કવયિત્રીઓ દ્વારા કાવ્યગોષ્ઠિ રસપ્રદ રહી હતી. કાર્યક્રમનાં અંતે સ્વર્ગસ્થ કવિ નિર્ભયભાઈના પરિવાર તરફથી અલ્પાહાર આપવામાં આવ્યો હતો. માસની ચોથી અને ૨૨૩૨મી બેઠકનું સંચાલન લાલજીભાઈ બાંભણિયાએ કર્યુ હતું. કવિ વિશેષ ઉપક્રમ અંતર્ગત શ્રી ઉદય મારુએ કવિ શ્રી શ્યામ સાધુની કવિતાઓ વિશે વાત કરી હતી. કવિ-કવયિત્રીની સંખ્યા ૩૦ રહી હતી. આમ, એપ્રિલ માસની ચાર બેઠકોમાં એકંદર ૧૪૧ રચનાઓ રજૂ થઈ, જે પ્રશંસનીય બને છે.

સંચાલક: શ્રી દીપાબહેન જોષી

## પ્રચાર-પ્રસાર



### એપ્રિલ માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી વીરેન્દ્રભાઈ રાવળ-ભાવનગર, શ્રી પી.એચ. ગોહિલ-ભાવનગર, શ્રી બળવંતરાય શાહ-ભાવનગર

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની એપ્રિલ માસમાં ૯૫ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

એપ્રિલ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪.૯K અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૪૨ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,16,000.00 | શ્રી ચિત્રકૂટધામ | નાગરિક સન્માન |
| 1,11,000.00 | ડૉ. નાનકભાઈ ભટ્ટ | નેત્રયજ્ઞ |
| 1,00,000.00 | શ્રી સરલાબહેન જતિનભાઈ ભટ્ટ | શૈક્ષણિક સહાય |
| 36,000.00 | શ્રી ગ્લોબલ ઈમ્પેક્ષ નેટવર્ક | શૈક્ષણિક સહાય |
| 20,000.00 | શ્રી રાઘવજીભાઈ ઝવેરભાઈ પટેલ | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી સવિતાબહેન રાઘવજીભાઈ પટેલ | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી ધનંજયભાઈ કિશોરભાઈ ભટ્ટ | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી સવિતાબહેન જીતેન્દ્રરાય મહેતા | નેત્રયજ્ઞ |
| 20,000.00 | સ્વ. જીતેન્દ્રરાય ઈશ્વરલાલ મહેતા | નેત્રયજ્ઞ |
| 11,000.00 | શ્રી ભરતકુમાર હિરાલાલ ચંદારાણા | શૈક્ષણિક સહાય |
| 10,000.00 | ડૉ. રુચિતાબહેન જશવંતરાય શાહ | બાલદેવવન |
| 5,600.00 | શ્રી જગદીશભાઈ આઈ. ભટ્ટ | આરોગ્ય |
| 5,000.00 | ડૉ. ઝવેરીલાલ પી. ચાવડા | |
| 3,000.00 | શ્રી નિરવભાઈ એ. શાહ | આરોગ્ય |





## શ્રદ્ધાંજલિ

### સ્વ. ધનંજયભાઈ ત્રિવેદી



શિશુવિહાર સંસ્થા સંચાલિત નવજીવન બાળશાળાનાં શિક્ષક અને આચાર્ય શ્રી ધનંજયભાઈ ત્રિવેદી હવે આપણા વચ્ચે નથી. દિવ્યાંગ હોવા છતાં શિશુવિહારમાં ભાઈઓ માટેની સીવણ તાલીમ તેમજ નાનાં ભૂલકાંઓ માટેની બટુક બુલબુલ નામે સ્કાઉટિંગ તાલીમનું સંચાલન કરનાર શ્રી ધનંજયભાઈનું શિક્ષણ અને સમાજકાર્ય પ્રદાન દીર્ઘકાલિન રહેશે. શિશુવિહારના વિશાળ વિદ્યાર્થી વર્તુળમાં પ્રેમાળ શિક્ષક તરીકે સન્માનનીય સ્વ. ધનંજયભાઈ ત્રિવેદીની ચિર શાંતિ માટે શિશુવિહાર પરિવારની પ્રાર્થના.

### મોંઘીબહેન બધેકા બાલમંદિરનાં ઉપક્રમે શૈક્ષણિક સત્ર (જૂન ૨૦૨૨ થી એપ્રિલ ૨૦૨૩)માં થયેલ બાળતાલીમની સંકલિત માહિતી

કુલ તાલીમ: ૧૧૫

- **વર્ગનું નામ:** બકુલ ટુકડી
- **વર્ગ શિક્ષિકા:** શ્રી ઉષાબહેન રાઠોડ
- **તાલીમની સંખ્યા:** ૩૦
- **તાલીમાર્થી બાળકોની સંખ્યા:** ૧૫

• **યોજાયેલ તાલીમ:** ક્રીડાંગણમાં સાઈકલ ચલાવવી, સંગીત તાલીમ, સામૂહિક રમતો, મોતીની માળા તૈયાર કરવી, પેપર કટિંગ કરવું, વાર્તાકથન, ચિત્ર વાર્તા, રૂમાલ સંકેલવા, દડા ઉછાળવા, પટ્ટા ઉપર ચાલવું, વસ્તુ છૂટી પાડવી, આંગળીથી ટપકાં કરવાં, ગાદલામાં ઠેકડા મારવાં, ઢોળ્યા વગર પાણી ભરવું, રમકડાં બનાવવા, ચકરડી ફેરવવી, બાળકો સાથે વાર્તાલાપ, પાછા પગે ચાલવું, ઢોળ્યા વગર પાણી પીવું, જોડકણાં ગાવાં, તાલમાં તાળી પાડવી, ઢીંગલી ઘર ગોઠવવું, અંગ સ્વચ્છતા, પ્રાણી-પક્ષીનાં અવાજ કરતી રમત.

• **વર્ગનું નામ: પારિજાત ટુકડી વર્ગ અ-બ**
• **વર્ગ શિક્ષિકા: શ્રી કમલાબહેન બોરીચા**
• **તાલીમની સંખ્યા: ૪૦**
• **તાલીમાર્થી બાળકોની સંખ્યા: ૨૫**

• **યોજાયેલ તાલીમ:** ફૂલ-મોતીની માળા બનાવવી, આકૃતિમાં લીટી કરવી, અંગ સ્વચ્છતા, રૂમની સફાઈ, ફૂલઝાડને પાણી પીવડાવવું, વિવિધ ચાર્ટ પરિચય, માટીકામ, ટાંકાકામ, વિવિધ રંગ પરિચય, ચોક વડે ચિત્રકામ, મીણિયા રંગથી ચિત્રકામ, મીણિયા દોરા વડે ચિત્રકામ કરવું, આકૃતિમાં રંગ પૂરવા, શાકભાજીનો ચાર્ટ, ફિંગર પ્રિન્ટ, પ્રાણી-પક્ષીની પઝલ જોડવી, ઘડીકામ, ગેરુ વડે ચિત્રકામ, છાપકામ, બાટિકકામ,સ્વાદ પરિચય, ઝાડ-પાન પરિચય, આકૃતિ સુશોભન, બટન ફ્રેમ, વસ્તુ છૂટી પાડવી, વટાણા ફોલવા, શાંતિની રમત, મહેંદી મૂકવી, મસાલા-કઠોળ પરિચય, રેતીના કુબા બનાવવા, વેજીટેબલ પ્રિન્ટ, સાબુથી હાથ ધોવા.

• **વર્ગનું નામ: ગુલાબ ટુકડી**
• **વર્ગ શિક્ષિકા: શ્રી અંકિતાબહેન ભટ્ટ**
• **તાલીમની સંખ્યા: ૪૫**
• **તાલીમાર્થી બાળકોની સંખ્યા: ૪૦**

• **યોજાયેલ તાલીમ:** સ્પ્રે વર્ક, ફિંગર પ્રિન્ટ, ચોક વડે ચિત્રકામ, ધજા બનાવવી, ટાંકાકામ, ફરફરિયાં બનાવવા, આકૃતિ સુશોભન, ઘડીકામ, મોતીની માળા કરાવવી, બટન ટાંકવાં, માટીનાં રમકડાં બનાવવા, મમરાની માળા બનાવવી, કાતરકામ, ગેરુ વડે ચિત્રકામ, છાપકામ, ફૂલ-પાનના તોરણ, વજનની તકિત, ઘ્રાણેન્દ્રિય કૌશલ્ય રમત, બાટિકકામ, તેલબ્રી, લાયબ્રી, મસાલા-કઠોળ પરિચય, મીણિયા દોરા વડે ચિત્રકામ, જાળીકામ, રમત,ધ્વનિ પ્રસરણ, ફૂવારો, લોહચુંબક, રંગમિશ્રણ, ગુંજતો ભમરો, કૃત્રિમ વરસાદ, વનસ્પતિ વિકાસ, વક્રીભવન, દષ્ટિભ્રમ, લાકડા સળગાવવા, હવાના દબાણ દ્વારા પવનચક્કીનો પ્રયોગ, ઓકિસજનની હાજરીની રમત, હાથ ન ભિંજાય તેમ પાણીમાંથી સિક્કો કાઢવાની રમત, બિલોરી કાચનો પ્રયોગ

• **પ્રવૃત્તિનું નામ: જાગૃત વાલી પ્રોત્સાહન**
• **પ્રવૃત્તિ સંખ્યા: ૧૫**
• **ભાગ લેનાર બાળકો-વાલીઓની સંખ્યા: ૫૮૦**
• **મુખ્ય સંયોજક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ**
• **બાલમંદિરના વાલીઓ દ્વારા બાળવિકાસ માટે મળેલ સહયોગ: રૂ.૧૩,૬૨૩**



• **યોજાયેલ તાલીમ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ:** બાલમંદિરમાં તાલીમ લેતાં બાળકોનાં જન્મદિવસની ઉજવણી, વાલીસભા, નાતાલ ઉત્સવ, પતંગોત્સવ, ૨૬ જાન્યુઆરી રમતોત્સવ, બાળ આરોગ્ય તપાસ, હોળી ઉત્સવ, વાર્ષિક કાર્યક્રમ તેમજ બાળકોનો બહારગામનો પ્રવાસ, સ્નેહમિલન, ઈન્દ્રિય શિક્ષણ, ભાષા ગણિતના સાધનનું નિદર્શન, ગણેશ ઉત્સવ, ઈદ, જન્માષ્ટમી, નવરાત્રિ ઉત્સવ, સમૂહ ભોજન, રાત્રી રોકાણ, પ્રગતિ વિતરણ.

• **પ્રવૃત્તિનું નામ: અનુભવ તાલીમ વર્ગ ક્રમ: ૮૦**
• **સત્ર: જૂન ૨૦૨૨ થી એપ્રિલ ૨૦૨૩**

**(અનુભવવર્ગ અંતર્ગત ૫ બહેનોએ વિવિધ વિષયો પર તાલીમ મેળવી હતી તથા સત્રાંત કાર્યક્રમમાં તેમને સ્કોલરશિપ તથા પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.)**

• **A- તાલીમ વિષય: બાળકો માટે પોષક નાસ્તો**

• **પ્રવૃત્તિની સંખ્યા: ૨૦**
• **તાલીમી શિક્ષિકાઓ: શ્રી ઉષાબહેન રાઠોડ, લીલીબહેન મકવાણા**

• **તાલીમ વિષય:** દૂધપાક, દહીંવડા, મગ, બાફેલા શીંગ ચણા, ફ્રૂટ સલાડ, દાળ ઢોકળી, મિક્સ ફ્રૂટ, દૂધ કોલ્ડ ડ્રિંક, ગાજરનો હલવો, દૂધી, કોબી, ગાજરના મુઠિયા, દહીં-ભાખરી, વેજીટેબલ સલાડ, રવાનોશીરો, ફરસી પૂરી, ખાખરા, શક્કરપારા, ખજૂરપાક, મેથીના ગોટા, વેજ. સુપ, સેવ ઉસળ

• **B - તાલીમ વિષય: ગણિત અને ભાષા**

• **તાલીમી શિક્ષક: શ્રી અંકિતાબહેન ભટ્ટ**
• **પ્રવૃત્તિની સંખ્યા: ૨૦**

• (ગણિત)-અંક તકતી,રેતિયાઅંક,પટ્ટાવાળી સીડીગણતરી સંખ્યા-સંજ્ઞાનું જોડાણ, મોઈનીપેટી, સમ-વિષમની રમત,પારા-લાકડી જોડાણ, ટોપલીની રમત, એકાંકી સરવાળા-બાદબાકી, ગ્લાસની રમત, અંકના પાટિયા ૧૧ થી ૧૯ અને ૧૧ થી ૯૯, સ્લિપ સાથે સરવાળાનું પાટિયું, બાદબાકીનું પાટિયું, ગુણાકારનું પાટિયું, દશમાન પરિચયના પાઠની તાલીમ
• (ભાષા): અક્ષર તક્તી, રેતિયા અક્ષરનો પાઠ, રેતિયા અક્ષરની જોડીનો પાઠ, ચલમૂલાક્ષર, એકવચન-બહુવચન, ચિત્ર ચીઠી જોડાણનાં પાઠની તાલીમ.

• C - તાલીમ વિષય: હસ્ત કૌશલ્ય
• મુખ્ય સંયોજક: શ્રી પ્રીતિબહેન ભટ્ટ
• પ્રવૃત્તિની સંખ્યા: ૨૦

• મૂળ ૧૦ આકૃતિ, રંગપૂરણી, પાન ઉપર મીણિયા રંગ, ફિંગર પ્રિન્ટથી ચિત્રો, કાંસકા વર્ક, જાળીકામ, મીણિયા દોરા-સ્પ્રેવર્કથી ચિત્ર નિર્માણ, રાખડી તૈયાર કરવી, ટાંકાકામ, બાટિકકામ, ઘડીકામ, શબ્દપોથી, અગરબત્તી વડે ચિત્રકામ, માટીનાં રમકડાં, ચિટક કામ, છાપકામ, બટનકામ, લાયબ્રી, તેલબ્રી, મુગટ બનાવવા, માટીમાંથી સોગઠી બનાવવી, ચિત્ર દોરી રંગ પૂરવા

• D - તાલીમ વિષય: કમ્પ્યૂટર
• તાલીમી શિક્ષિકા: શ્રી રીનાબહેન ગોહેલ
• યોજાએલ તાલીમ: ફાઉન્ડેશન, એપ્લિકેશન, ઈન્ટરનેટ

• E - તાલીમ વિષય: બાળ શિક્ષણ પદ્ધતિ
• તાલીમી શિક્ષિકા: શ્રી અંકિતાબહેન ભટ્ટ
• પ્રવૃત્તિની સંખ્યા: ૨૦

• બાળકની વૃદ્ધિ અને વિકાસ, બાળકનાં વિકાસમાં અસર કરતા વારસો અને વાતાવરણ, બાળકનો ભાષા વિકાસ બાળકમાં સામાજિકતાના વિકાસને અસર કરતાં પરિબળો, બાળવર્તનનાં પ્રશ્નો બાળકની સુટેવ-કુટેવ, બાળકનો વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ બાળકના વિકાસમાં વાલી અને શિક્ષકનો ફાળો, બાલમંદિરનુ બાહ્ય વાતાવરણ અને આંતરિક વાતાવરણ, સ્વાસ્થ્ય અંગે શિક્ષણ બાળકનાં આરોગ્યનાં વિકાસને અસર કરતા પોષકતત્વો, બાળરમત, બાળકમાં સર્જનાત્મક વિકાસ તેમજ જીવન વ્યવહારની પ્રવૃત્તિ, બાળવાર્તા, બાળનાટક, પપેટસ, વિવિધ ચાર્ટ, બહેનોની વાલી સાથે ચર્ચા પુસ્તકાલય વિશે માહિતી તેમજ બાળલક્ષી પુસ્તક વાંચન પર્યાવરણ વિકાસની પ્રવૃત્તિઓ

• F - તાલીમ વિષય: સંગીત શિક્ષણ
• તાલીમી શિક્ષિકા: શ્રી કમલાબહેન બોરીચા
• તાલીમાર્થી સંખ્યા: ૦૫ • પ્રવૃત્તિની સંખ્યા: ૭

• યોજાએલ તાલીમ: પ્રાર્થના-૫, • બાળગીતો-૧૦, • અભિનય ગીત-૧૦, • ધૂન-૬ • જોડકણાં-૮૦



• G - તાલીમ વિષય: મોન્ટેસરી તાલીમ
• તાલીમી શિક્ષિકા: શ્રી પ્રીતિબહેન ભટ્ટ,
• પ્રવૃત્તિની સંખ્યા: ૬

• પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણની માહિતી અને તફાવત, ઈતિહાસ, ગુજરાતનાં અને પશ્ચિમના બાળ કેળવણીકારો, મોન્ટેસરી પદ્ધતિ, ફ્રોબેલ મોન્ટેસરી એકીકરણ, બાળ સંગીત, મુક્ત, અર્ધમુક્ત, પૂર્ણમુક્ત સાધનો, બાળ અવલોકન, સંસ્થાગત અભિગમ તથા ઈન્દ્રિય શિક્ષણના સાધનનો ત્રિપદ પદ્ધતિથી ઉપયોગ તથા સાધનોની વિશિષ્ટતાની તાલીમ.

## જાગૃત વાલી કાર્યક્રમ વર્ષ ૨૦૨૨-૨૩માં થયેલ પ્રવૃત્તિ
## સાતત્ય વર્ષ-૭, સંચાલક શ્રી અંકિતાબહેન ભટ્ટ

| પ્રવૃતિ પરિચય | માસ-વર્ષ | લાભાર્થી સંખ્યા |
|---|---|---|
| • વાલીસભા, બાળ આરોગ્ય | જુલાઈ-૨૨ | ૧૧૦ વાલી |
| • નવરાત્રી ઉત્સવ | ઑગસ્ટ-૨૨ | ૧૦૦ વાલી તથા બાળકો |
| • દિવાળી ઉત્સવ | સપ્ટેમ્બર-૨૨ | ૬૦ વાલી તથા બાળકો |
| • પતંગ ઉત્સવ | ઑક્ટોબર-૨૨ | ૫૦ વાલી |
| • બાળક તેમજ વાલીની ડૉક્ટરી તપાસ | જાન્યુઆરી-૨૩ | ૫૨ વાલી-બાળકો |
| • હોળી ઉત્સવ | ફેબ્રુઆરી-૨૩ | ૧૩૦ વાલી તથા બાળકો |
| • વાલી સભા અને પ્રગતિ વિતરણ | માર્ચ-૨૩ | ૫૦ વાલી |

**તજજ્ઞ મહેમાનશ્રી દ્વારા માર્ગદર્શન**

ડૉ. ભૂષિતભાઈ ગઢિયા, શ્રી હરેશભાઈ ભટ્ટ , ડૉ. નાનકભાઈ ભટ્ટ
ડૉ. નેહલભાઈ ત્રિવેદી, ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી, ડૉ. છાયાબહેન પારેખ

### અભિનંદન




શિશુવિહાર સંસ્થાનાં ટ્રસ્ટી પદ્મશ્રી ડૉ. મુનિભાઈ મહેતાને ભારત સરકારના કૃષિ મંત્રાલય દ્વારા લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં બાયો એશિયાટિક ફોરમમાં તારીખ ૨૭ એપ્રિલે યોજાયેલ સન્માન સમારોહમાં ભારત સરકારના કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરના વરદ હસ્તે ડૉ. એમ.એચ. મહેતાનું તેઓશ્રીના રાષ્ટ્રિય પ્રદાનનું અભિવાદન થયુ, જે ગૌરવવંત બની રહ્યું.

## શુભેચ્છકો લખે છે

**• નટવરભાઈ આહલપરા (સાહિત્યકાર-કોલમીસ્ટ, રાજકોટ)**

પ્રજા પરિષદનાં પાંચમાં અધિવેશન (કારતક વદ એકમ સંવત ૧૯૯૫ તા. ૧૧-૧૧-૧૯૩૯)માં અધ્યક્ષ સ્થાને પધારેલા સરદાર વલ્લભભાઈ પટેલને ભાવનગર રાજવી કૃષ્ણકુમારસિંહજી પોતાનું રાજ્ય અખંડ ભારતના યજ્ઞમાં સમર્પિત કરવાના હતા, પરંતુ જામનગર અને જૂનાગઢ રાજ્ય અલગ સૌરાષ્ટ્રની પેરવીમાં હોવાથી લોહપુરુષ ભાવનગરમાં પહોંચતા નગીનાવાડી મસ્જિદ પાસે તેમના ઉપર હુમલો થયો અને ગાંધી સેવક આત્મારામ ભટ્ટ ઘવાયા. સરદાર પાછા ફર્યા. તે પછી ફરી રાજ્યમાં દીવાન શ્રી અનંતરાય પટ્ટણી મહાત્મા ગાંધીને મળ્યાં અને અખંડ ભારતના નિર્માણમાં ભાવનગર રાજ્યનું યોગદાન સ્વીકારવા વિનંતી કરી. તે ૧૯૪૭માં દેશી રાજ્યનાં વિલિનિકરણ સમયે પ્રથમ રાજ્ય તરીકે ભાવનગર રાજ્ય સ્વીકારવા લોહપુરુષ વલ્લભભાઈ ફરી ૧૯૪૭માં ભાવનગર પધાર્યા. તે સમયે સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા ભાવનગર પોર્ટના શ્રમિકો દ્વારા ચાલતા આનંદ મંગળ મંડળે સંભાળી હતી. સ્વરાજ્યની લડતમાં ઉગ્રવાદી જૂથ તરીકે જાણીતા ગોદી કામદાર મંડળનાં આગેવાન માનભાઈ ભટ્ટે ભાવનગર રાજ્યની સોંપણીનાં સમારંભની શાંતિપૂર્ણ વ્યવસ્થા સંપન્ન કરતા મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ખુશી વ્યક્ત કરી અને પૂછ્યું, ‘છોકરાઓ શું કરો છો?’ મંડળના નેતા તરીકે માનભાઈ ભટ્ટે કહ્યું, ‘મહારાજ, આપ જે નથી કરતા તે.’ પ્રજા વત્સલ રાજવીએ વિનમ્રતા દાખવી પૂછ્યું, ‘અમારાથી શું કરવાનું બાકી રહે છે?’ ત્યારે માનભાઈએ કહ્યું, ‘બાળકો મુક્ત મને રમે તેવું ક્રીડાંગણ વિકસાવવું પડશે અને રાજ્ય જગ્યા આપે તો અમારું આનંદ મંગળ મંડળ એ કામ કરશે.’ મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ‘શિશુવિહાર’ અને બીજા ૩૮ વિસ્તારોમાં વ્યાયામ પ્રવૃત્તિ માટે જમીન અલાયદી રાખવા હુકમ કર્યો અને આજે ભાવનગરમાં ‘શિશુવિહાર’ નામે ૪૫૦થી વધુ વૃક્ષોથી આચ્છાદિત જગ્યામાં બાળ કેળવણીનું કામ શક્ય બન્યું છે. એક સાથે ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ રમી શકે તેટલાં સાધનો છે. બાળકોનાં જન્મદિવસ, બાળકોની રંગમંચ પ્રસ્તુતિ માટે ૪ ઑડિટોરિયમ છે. તેથી વિશેષ જીવન શિક્ષણને ઓપ આપતા માનવીય મૂલ્યો દર્શાવતા સ-ચિત્ર પોસ્ટરોથી સંસ્થાનું ભાવાવરણ સુશોભિત રહે છે.

ભાવનગરનાં દરિયાકિનારે આવેલા પોર્ટ વર્કશોપના શ્રમિકો દ્વારા પ્રારંભાયેલ ‘આનંદ મંગળ મંડળ’ અને તેમાંથી વિકસેલ શિશુવિહારનાં કર્મઠ સેવકોની શ્રદ્ધા અક્ષરજ્ઞાનથી વિશેષ અનુભવ પ્રત્યે રહી હતી. આથી, શિશુવિહારની કેળવણીનો આધાર શેરી નાટકો અને ગ્રીષ્મ તાલીમ વર્ગ સાથે વિકસ્યો. જીવનલક્ષી સદ્વાંચન અને શિસ્તબદ્ધ વ્યાયામ સાથે વિકસતો ગયો. આઝાદીની લડત સમયે સક્રિય શ્રમિકોએ શિશુવિહારની તાલીમને સ્વરાજની શાળા તરીકે વિકસાવતા નાત-જાત, ગરીબ-તવંગર, ઉંચ-નીચ જેવા ભેદોથી પરે સ્વસ્થ માનવના વિકાસ કાજે પ્રતિ વર્ષ ૪૫૦ પ્રવૃત્તિઓ ગોઠવી. પરિણામે શિશુવિહાર સંસ્થાનાં ૮૪ વર્ષના કાર્યકાળ દરમિયાન તેનાં હજારો વિદ્યાર્થીઓ આજે સારા નાગરિક તરીકે જીવન વ્યતિત કરે છે. કઠિન પરિસ્થિતિમાં પણ માનવીય મૂલ્યોને છેહ દેતા જોવા મળ્યાં નથી.

માનવસેવાને પ્રભુસેવા જાણતા શિશુવિહારથી ગુજરાતમાં પ્રથમવાર દેહદાન, ચક્ષુદાન અને રક્તદાન પ્રવૃત્તિ શરૂ થઈ છે. ૧૯૬૮થી પ્રારંભાયેલ નેત્રયજ્ઞ, દૃષ્ટિ ચકાસણી શિબિરો દ્વારા ૨૦,૩૦૦થી વધુ ગરીબ નાગરિકોને વિનામૂલ્યે કેટ્રેકટ સર્જરી પછી નવી દૃષ્ટિ મળી છે, તો શાળા સ્તરે યોજાતા દૃષ્ટિ ચકાસણી અને દીકરીઓ માટેનાં હિમોગ્લોબિન તપાસ અને સારવાર શિબિર દ્વારા ૩.૭૫ લાખ વિદ્યાર્થીઓ લાભાન્વિત થયાં છે.

વિકસતુ વિજ્ઞાન હવે આધારભૂત ફોટો ઈમેજથી જણાવી શકે છે કે ૧ થી ૫ વર્ષનાં બાળકનાં મસ્તિષ્કનાં ન્યુરોન્સનું જોડાણ પ્રત્યક્ષ અનુભવ દ્વારા જ શક્ય બને છે. ભારતીય સમાજ રચના અને સંસ્કાર વચ્ચે વિકસતાં બાળક માટેની તાલીમનો વિચાર ગિજુભાઈએ મૂક્યો, જેનું અમલીકરણ ૧૯૫૩થી શિશુવિહારમાં અવિરત રહ્યું છે. અનુભવ તાલીમ વર્ગ, જાગૃત વાલી, પ્રવૃત્તિ શિક્ષણ સાથે શિશુવિહાર પરિસરમાં પ્રતિવર્ષ ૫૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહજ કેળવણીની મોજ લે છે. માતૃભાષા અને ભાર વિનાનાં ભણતરની કાળજી તો પ્રારંભથી સંસ્થામાં જ લેવાઈ છે.

‘ગરીબ બાળકોનું કામ કરજો, બહેનોની કેળવણીનું કામ કરજો અને મારી પ્રજા સ્વમાનભેર જીવી શકે તે માટે મથામણ કરજો’ તેવી મહારાજા કૃષ્ણકુમારસિંહજીની આર્ષવાણીને સંસ્થા આજે પણ વળગી રહી છે. ‘શિશુવિહાર’ શહેરની ૩૧૬ આંગણવાડીનાં ૬૦૦૦ બાળકોને અનુભવ શિક્ષણ સાથે જોડવા છેલ્લા ૧૨ વર્ષથી આંગણવાડી શિક્ષક તાલીમ અને સાધન સહાય યોજે છે. નગરપાલિકાની ૫૬ શાળાઓમાં વર્ષ ૨૦૦૯થી બાળ પુસ્તકાલયો મૂકી તેમાં પ્રતિવર્ષ ૧૦૦ પુસ્તકો ઉમેરી પુસ્તક આધારિત વાર્તા કથન અને ચિત્ર આલેખન થકી બાળ ચિત્રોનાં વાર્ષિક કેલેન્ડરો પ્રકાશિત કરે છે. ગરીબીવશાત્ બાળક શિક્ષણથી મુખ્ય ધારામાંથી ભટકી ન જાય ન તે માટે છેલ્લા ૧૫ વર્ષથી શિક્ષકો દ્વારા પસંદ કરેલ ૧૭૦૦ બાળકોને સ્કૂલ કીટ આપી તેઓનાં પરિવાર સાથે શિક્ષકોના માધ્યમથી સંપર્કમાં રહે છે. ‘શિક્ષકોનું સામાજિક ઉત્તરદાયિત્વ’ નામે યોજાતી આ પ્રવૃત્તિ ગુજરાતના અનેક જિલ્લાઓમાં પુનઃ અનુકરણીય બની છે.

સેવાનાં માધ્યમથી કેળવણી અને શિક્ષણ સમજથી સ્વસ્થ માનવ ઘડતરની શિશુવિહારની યાત્રાને મૂલવતા આપણા 'દર્શક' (મનુભાઈ પંચોળી) કહેતા, 'ગુજરાતમાં બે માનભાઈ નથી, એક જ છે. તેમણે બાવડાના બળે બાળકો અને કામ શોધનારનું કામ કર્યું છે તે બીજે ક્યાંય નહીં મળે'

વિદ્યાર્થી ઘડતર માટે ૭૦૦ કરતા વધુ આગવા પ્રકાશનો, નઈ તાલીમની શાળાઓમાં છાત્ર નિવાસ કરતી વિદ્યાર્થિનીઓને બાવન લાખથી વધુ શિક્ષણ સહાય, બાળકોના કૌશલ્ય વિકાસ માટે પ્રતિવર્ષ ૫૪ વર્કશોપ, વિદ્યાર્થીઓ માટે કમ્પ્યૂટર શિક્ષણ, રાત્રી શાળા, પ્રતિવર્ષ ૧૭૦૦થી વધુ કુ-પોષિત બાળકોને હૈદ્રાબાદ મિક્ષ્ચર પ્રકારે પોષક આહારનાં ૮ લાખથી વધુ ખોરાક પહોંચાડનાર શિશુવિહાર સંસ્થાની માનવસેવા અને શિક્ષણ પ્રવૃત્તિ જીવનઘડતરનાં બે મહત્વનાં પાસા બની રહ્યાં છે. ત્યારે સર્વાંગી વિકાસના દાયરામાં બાળવિકાસને ચરિતાર્થ કરનાર સ્વૈચ્છિક સંસ્થાનું 'દર્શક' ઍવોર્ડ (૨૦૨૨) સન્માન ગુજરાતનું ગૌરવ બની રહે છે.

-સાભાર સૌજન્ય: વિશ્વકોશ

**• શ્રી પ્રવીણભાઈ ઠક્કર (પૂર્વ નિયામક લોકભારતી )**

મનુભાઈ પંચોળી 'દર્શક' પ્રબોધિત, સાહિત્ય, શિક્ષણ અને ગ્રામપુનર્રચનાનાં વિચારો મુજબ પ્રવૃત્ત વ્યક્તિઓ, સંસ્થાઓને પોંખવા, પ્રોત્સાહિત કરવાં, 'દર્શક ફાઉન્ડેશન' છેલ્લાં ૩૦ વર્ષથી સક્રિય છે. વર્તમાન વર્ષે આ સન્માનના અધિકારી સિદ્ધ થયા છે ગુજરાતના પ્રસિદ્ધ વિવેચક, સાક્ષર, મૂર્ધન્ય, સાહિત્યકાર લાભશંકરભાઈ પુરોહિત અને ગુજરાતની ખ્યાતનામ સંસ્થા શિશુવિહાર. સમુચિત પસંદગી માટે અભિનંદન. ગ્રામીણ વિસ્તારમાં બુનિયાદી શિક્ષણનાં પ્રસાર માટે પલાઠીવાળીને બેસી જવાની મહાત્મા ગાંધીજીએ હાકલ કરી અને આ નાનાભાઈ, દક્ષિણામૂર્તિ દેવનું સ્મરણ કરીને આંબલા પહોંચી ગયા. આજ અરસામાં માત્ર ચાર ધોરણનું વૈધિક શિક્ષણ મેળવેલા પણ સમાજસેવાના કાર્યમાં ઊંડી સૂઝ-બુઝ ધરાવનાર આ માનભાઈએ શિશુવિહારનાં શ્રીગણેશ કર્યા. બંને ઋષિઓ; માનભાઈ એટલે નિર્ભયતા, સાદાઈ, કાર્યની સ્પષ્ટ સમજ, આત્મસૂઝ અને શ્રમનિષ્ઠા એટલે કવિ ન્હાન્હાલાલના શબ્દોમાં

**'શું શું સભારું ને શી શી પૂજું પૂણ્ય વિભૂતિઓ?,**
**પૂણ્યાત્માના ઊંડાણો તો આભ જેવા અગાધ છે.'**

શિશુવિહારની સ્થાપનાને વર્ષોનાં વ્હાણાં વીતી ગયા છે. માનભાઈની ચેતના સંપન્ન ભાવાવરણમાં સંસ્થાની ટીમ નિષ્ઠાથી કામ કરી રહ્યા છે. બાળકો, બહેનો, યુવાનોનાં જીવનશિક્ષણ, તાલીમ, ઉત્કર્ષ, સંસ્કાર, ચિત્ર-સંગીત, સર્જન, ઘડતર, ચણતર, અધ્યયન, ચિંતન, પ્રકાશન, આરોગ્ય, ઉત્સવ, સ્કાઉટ, સ્વરોજગારી તેમજ સન્માન, કેટકેટલી અપરંપાર પ્રવૃત્તિઓ ચોક્કસ વિઝન, મિશન સાથે આ સંસ્થા માનવ સમાજના ઉત્થાન માટે નિષ્કામભાવે નિરંતર ગતિમાન છે. સંસ્થાને અત્યાર સુધી અસંખ્ય પુરસ્કાર પ્રાપ્ત થયા છે પણ 'દર્શક ફાઉન્ડેશન'ના ઍવોર્ડનું મૂલ્ય અદકેરું છે. શિશુવિહારના સૌ મિત્રો અને માનનીય લાભશંકરભાઈને હાર્દિક શુભકામનાઓ.

**• શ્રી કુલિનભાઈ લુઠિયા (અધ્યક્ષ માનવજ્યોત, મુંબઈ)**

'શિશુવિહાર'એ કાર્યકાળનો લગભગ ૮૦% ભાગ બાળ ઉત્કર્ષ સેવામાં વિતાવ્યો તે ખરેખર અદ્દભૂત છે, પ્રશંસનીય અને વંદનીય છે. બાળકોમાં બાળપણથી જ સારા સંસ્કાર રેડાય એ જરૂરી છે. બાળકને શું કરવુ, શું ના કવું તેવું એકાદવાર શરૂઆતમાં શીખવાડી દઈએ એટલે ભર્યું ભર્યું. એ બાળક એ જ દિશામાં આગળ વધે. ભવિષ્યમાં તે દેશનો સારો નાગરિક બને જ.

સંસ્થાએ એક જ સ્થળેથી બાળસમુદાયને સુસંસ્કૃત વાતાવરણ ઊભું કરી, વ્યવહારિક જ્ઞાન આપી તેમના મોટા થવામાં ભવ્ય યોગદાન પૂરું પાડયું છે. તે કંઈ નાનું સૂનું કામ તો નથી જ. બાળકોને હસ્ત કલા વગેરે પણ શીખવી તેમનો કલાપ્રેમ ખીલવ્યો છે, તેમનામાં જે હુન્નરના સંસ્કાર સીંચ્યા છે, તે તેને જિંદગીભર આશીર્વાદ સમું કાર્ય આપશ્રીના રાહબરી હેઠળ થયું છે. અત્યંત ઉત્તમોત્તમ. પરમ કૃપાળુ પરમાત્મા આપશ્રીને સ્વાસ્થ્યમય દીર્ઘાયુ બક્ષે અને એ માટે શક્તિ આપે તેવી પ્રાર્થના અનેક શુભકામનાઓ.

**• શ્રી રણછોડભાઈ શાહ (અધ્યક્ષ, એમ.ઈ.ટી. ભરૂચ)**

'શિશુવિહાર'નો સળંગ અંક ૯૩૫ મળ્યો. ખૂબ અભિનંદન. વિવિધ ઉત્સવોની ઉજવણી 'શિશુવિહાર'નો મુદ્રા લેખ મુખપૃષ્ઠનાં ચિત્રથી સ્પષ્ટ થાય છે. જુદી જુદી વ્યક્તિઓની સિદ્ધિઓ બિરદાવતા ફોટાઓથી અંક વિશિષ્ટ બન્યો છે. સેવા, સંસ્કાર અને સંસ્કૃતિ ઉજાગર કરતો અંક અભિનંદનને પાત્ર છે. મને અંક નિયમિત મોકલવા બદલ ધન્યવાદ.

**• શ્રી ઈલાબહેન મહેતા (અધ્યક્ષ-ઝંકાર, વડોદરા)**

'શિશુવિહાર' સંસ્થાની પ્રગતિ જોઈને ગર્વાનંદ થાય છે. સહુને ખૂબ અભિનંદન અને શુભેચ્છા. સંસ્થાની જીવનલક્ષી તાલીમો દ્વારા નવી પેઢી સેવા સાથે રોજગારી મેળવવા સક્ષમ બને છે તે આવકારદાયી છે.

• **શ્રી રક્ષાબહેન ભટ્ટ (નિવૃત્ત શિક્ષક, ભાવનગર)**

શિશુવિહાર સંસ્થાને 'દર્શક' સન્માન મળતા આનંદ અને ગૌરવ અનુભવુ છું. માતૃ સંસ્થાને આટલો મોટો આદર મળ્યાનો આનંદ છે. પૂજ્ય માનભાઈ હતા ત્યારની શિશુવિહારી સુગંધ બરકરાર રાખનાર સંસ્થાનાં કાર્યકરોને સલામ. સ્કાઉટિંગ તાલીમ, બાળકો માટે ક્રીડાંગણ તાલીમ, બહેનો માટે પ્રશિક્ષણ તેમ 'શિશુવિહાર'ની ભૂમિ જ કેળવણીનું ધામ બની રહે છે જે સુખદ છે.

• **શ્રી નાથુભાઈ પ્રજાપતિ (કેનેડા)**

'દર્શક' એવોર્ડ કાર્યક્રમ જોઈને બધા વક્તાઓ મોરારિબાપુ અને આપને સાંભળીને ખુબ જ આનંદ થયો. સરકારી શિક્ષણ વિશેનું આપનું મંતવ્ય એકદમ સાચી વાત છે. હું અત્યારે કેનડા મારા દીકરાને ઘરે આવ્યો છું. અહીંની સ્કૂલમાં બાલમંદિરમાં બાળકોને કોઈપણ જાતનાં બંધન કે દબાણ વગર રમતાં રમતાં જ બે વર્ષ સુધી શીખવવામાં આવે છે. હું અહીં સ્કૂલમાં બે-ત્રણ વાર જોવા ગયો છું. કાર્યક્રમનું વિઝ્યુઅલ મોકલવવા બદલ આપનો આભાર વ્યક્ત કરું છું.

• **શ્રી ભાસ્કભાઈ ભટ્ટ (ભાવનગર)**

શિશુવિહારને હંમેશા પ્રેમાળ વડીલો મળ્યા છે. મહાન સ્થાપક માનભાઈ અને પરિવારે આધુનિક જીવનમાં યોગ્ય ગુણવત્તાવાળાં વિદ્યાર્થીઓનું નિર્માણ કર્યુ છે, તે પ્રશંસનીય છે.

• **શ્રી પ્રા. ડૉ. મહેબુબ દેસાઈ (અમદાવાદ)**

નમસ્તે, શિશુવિહાની સિદ્ધિથી ખૂબ જ ખુશ છું જો તમે કોઈ પ્રસંગે મને યાદ કરશો, તો હું ખૂબ આનંદથી આવીશ.



નિરંતર પ્રતિકાર ભર્યાં પુરુશાર્થ કરી પ્રભુપ્રીત્યાર્થે બીજા માટે કંઈક કરી છુટીએ.

કાર્તક સુદ એકમ સવંત ૨૦૫૮



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: '**શિશુવિહાર**'

SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar | Shishuvihar Bhavnagar
Shishuvihar | Shishuvihar

પરામર્શ સમિતિ
સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001. (GUJARAT) INDIA